

**નારી ઉત્સવ** - સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા નારી ઉત્સવ ઉલ્લાસપૂર્વક ઉજવાયો... નારી ઉત્સવ સંદર્ભે મહેંદી હરિફાઈ, કેશગુંફન, આરતી સુશોભન, સલાડ મેકીંગ, રંગોલી જેવી સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું... આ રસપ્રદ સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો... સમગ્ર વાતાવરણ ઉત્સાહથી ભર્યુંભર્યું સર્જાયું હતું... (તસવીર : કશ્યપ નિમાવત)

# આર્થિકધોરણે અનામત આપો : બ્રહ્મસમાજ

## મંદિરોમાં માત્ર બ્રાહ્મણ પુજારી જ રાખો : તમિલનાડુની જેમ પગાર આપો

## ગુજરાત બ્રહ્મસમાજની તડ ગોળના ૪૦૦ મંડળોના હોદ્દેદારો સાથે બેઠક

ગાંધીનગર, તા. ૧૮

અનામતના મુદ્દે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના આગેવાનોએ સમાજના અન્ય તડ ગોળના ૪૦૦ મંડળોના હોદ્દેદારો સાથે બેઠક યોજી હતી. આ દરમિયાન આર્થિક ધોરણે અનામત આપવા ઉપરાંત મંદિરોમાં પુજારી તરીકે માત્ર બ્રાહ્મણોને રાખવા અને તમિલનાડુની સરકારના ધોરણે તેમને પગાર ચુકવવાની બાબતે સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો.

બ્રહ્મસમાજને અનામત આપવાની પ્રબળ માંગ સંદર્ભે અગાઉ સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે આ અમુસંધાને સરકાર કક્ષાએ રચાયેલી સમિતિ દ્વારા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજને ચર્ચા-વિમર્શ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ આ તબક્કે સમાજની અન્ય પેટાજ્ઞાતિઓના પ્રતિનિધિઓ સાથે બેઠક બાદ રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો હતો. જે અન્વયે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના આગેવાનોએ આજે રાજ્યના તમામ તડ ગોળના અંદાજિત ૪૦૦ મંડળોના હોદ્દેદારો સાથે બેઠક કરી અનામતના મુદ્દે જરૂરી ચર્ચા કરી હતી. જેના અંતે સરકાર સમક્ષ આર્થિક ધોરણે અનામત આપવા, શૈક્ષણિક ક્ષેત્રે

● અનુસંધાન પાન-૭ પર



## જિલ્લા પંચાયતની સામાન્યસભા ઓગસ્ટના અંતિમ સપ્તાહમાં

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા ઓગષ્ટના અંતિમ સપ્તાહમાં યોજવા માટેના ચક્રો ગતિમાન થયા છે.

ઓક્ટોમ્બર-નવેમ્બરમાં યોજાનાર પંચાયતોની સામાન્ય ચૂંટણી પૂર્વેની આ અંતિમ સામાન્ય સભા હશે. આ સામાન્ય સભા બોલાવવાની ગતિવિધિ અંગે પંચાયતના વર્તુળો મૌન સેવી રહ્યા છે અને કદાચ મળે પણ ખરી તેવુ કહી આડકતરૂ સમર્થન પણ કરી રહ્યા છે.

આ બેઠકમાં જિલ્લાના સભ્યોના વિકાસ કામો જેની વહીવટીય મંજૂરી અપાઈ ગઈ છે તે ઝડપથી શરૂ કરવા માટે સભ્યો દ્વારા તંત્રને કડક તાકીદ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

જો કે વિશ્વસનીય સૂત્રોના કહેવા પ્રમાણે ખાસ સામાન્ય સભા અંગેના નિયમોની જોગવાઈ પ્રમાણે સાત દિવસ ચોખ્ખા હોવા જરૂરી છે તેથી ચાલુ સપ્તાહના ત્રણ દિવસ અને આગામી સપ્તાહના ચાર દિવસને ધ્યાને લેવાય તો નવાઈ નહિ. સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં ચૂંટણીનો શંખનાદ થઈ જશે તેમ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. આ સામાન્ય સભામાં જિલ્લામાં વરસાદથી થયેલ નુકશાન અંગે કોંગ્રેસ વધુ વળતરની માંગ કરે તેવી શક્યતાઓ પણ છે.


**બેસણું**



મારા ધર્મપત્ની **અ.સૌ. ચંદ્રિકાબેન નગીનદાસ પાટડીયા** તા. ૧૭/૮/૨૦૧૫ને સોમવારે અક્ષરનિવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૦/૮/૨૦૧૫ને ગુરૂવારે સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : લેઉઆ પટેલ વાડી, સેક્ટર-૭બી, પોલીસ ચોકી સામે, ગાંધીનગર.

| | |
|---|---|
| નગીનદાસ શીવલાલ પાટડીયા | સૌ. દિપ્તી જીતેન્દ્રકુમાર વજાણી (પુત્રી) |
| સંજય નગીનદાસ પાટડીયા (પુત્ર) | સૌ. પારૂલ સંજય પાટડીયા |
| તેજસ નગીનદાસ પાટડીયા (પુત્ર) | સૌ. પીન્કી તેજસ પાટડીયા |

લૌકિક વ્યવહાર બંધ છે.

(ફર્મ : શ્રીમદ્ જ્વેલર્સ ● La Pink)


# પોલીસ ભરતી મામલે હાઈકોર્ટના તપાસના આદેશ

**રાજ્ય સરકાર અને પોલીસ ભરતી બોર્ડને હાઈકોર્ટની નોટીસ : ૭ દિવસમાં આપેલા આવેદનપત્ર મામલે ખુલાસો કરવા હૂકમ**

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લેવામાં આવેલી પી.એસ.આઈ., એ.એસ.આઈ.ની લેખિત પરીક્ષામાં થયેલી ગેરરીતિ મામલે કેટલાક ઉમેદવારોએ અસંતોષ વ્યક્ત કર્યો હતો અને તમામ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે સ્થગિત કરવાની માંગ સાથે મુખ્યમંત્રી સહિત પોલીસ ભરતી બોર્ડને આવેદનપત્ર આપ્યું હતું. આ સમગ્ર મામલો હાઈકોર્ટમાં પહોંચતા કોર્ટે અરજદારોના આવેદનપત્રનો ૭ દિવસમાં ખુલાસો આપવા ભરતી બોર્ડ અને રાજ્ય સરકારને નોટીસ ફટકારી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત રાજ્ય પોલીસદળ વર્ગ-૩ની સીધી ભરતી કરવાની પ્રક્રિયા માટે કોન્સ્ટેબલ, એ.એસ.આઈ અને પી.એસ.આઈ. માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડે ઓનલાઈન અરજીઓ લાયક ઉમેદવારો પાસે મંગાવી હતી. આથી પોલીસ ભરતી બોર્ડે યુવાનોની શારીરિક કસોટી યોજી હતી. બાદમાં તેમની લેખિત પરીક્ષા યોજવામાં આવી હતી. પરંતુ પી.એસ.આઈ.ની લેખિત પરીક્ષામાં ઘણા બધા કૌભાંડો પરીક્ષા દરમ્યાન અને પરીક્ષાની પ્રશ્નપત્રોની ચકાસણી દરમ્યાન થઈ છે તેમજ તમામ ઉમેદવારો ભારતના નાગરિકો છે અને ભારતના બંધારણના મૂળભૂત અધિકારો મુજબ અનુચ્છેદ ૧૪ અને ૧૬ મુજબ નોકરી માટે સમાન હક્કો,

● અનુસંધાન પાન-૭ પર


**જોઈએ છે**

પેટ્રોલ પંપ ઉપર જોઈએ છે

**ડીલીવરી બોય**

વિજય ઓટોમોબાઈલ્સ (પેટ્રોલ પંપ)

પ્લોટ નં. ૧૨, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર

રૂબરૂ મળવાનો સમય : બપોરના ૩ થી ૫





**ગાંધીનગર સમાચાર**

અનોખા અખબારની અનોખી ભેટ




વિશેષ ઑફર

વાર્ષિક લવાજમ યોજના

માત્ર રૂા. ૬૦૦ ભરો અને આખું વર્ષ નિયમીત ગાંધીનગર સમાચાર મેળવો

વાર્ષિક લવાજમ ભરો અને ગાંધીનગરની ટોપ ૧૨૫ બ્રાન્ડસની ૫૦૦ જેટલી ગિફ્ટ ડિસ્કાઉન્ટ કૂપન મેળવો

ગાંધીનગર સમાચારનું વાર્ષિક લવાજમ આજે જ ભરો અને આપની કોપી બૂક કરાવો.

**ગાંધીનગર સમાચાર**

વિચારો-સમાચારોની સકારાત્મક અને સર્જનાત્મક અભિવ્યક્તિ

પાટનગરનું પોતાનું અખબાર

684/1, સેક્ટર-8, ગાંધીનગર-382008

ફોન : (079) 23222571, 23237571. ફેક્સ : (079) 23230571


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com